હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અગાઉની જુઠી સરકાર શાસનમાં હતી એ સમયે અમે વચન આપ્યા હતા, તેથી અમે વચન પૂરા કરવામાં ખોટા પડ્યા છીએ...

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો મંગલ પ્રારંભ

ગાંધીનગર જિલ્લાના ૩ લાખથી વધુ બાળકોના આરોગ્યની તપાસ ૧૪૧ ડૉક્ટરો સહિત ૮ હજારથી વધુ મેડિકલ સ્ટાફ દ્વારા કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૭

આજથી સમગ્ર રાજયમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લામાં આ કાર્યક્રમનો આરંભ રાજયના વન, આદિજાતિ વિભાગના મંત્રી શ્રી ગણપતભાઇ વસાવાના હસ્તે વડોદરા ગામની પ્રાથમિક શાળામાં દીપ પ્રાગટય કરીને કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ આજથી તા. ૦૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધી ચાલુ રહેશે. જેમાં ગાંધીનગર જિલ્લાના આશરે ૩ લાખથી વધુ બાળકોના આરોગ્યની તપાસ કરાશે. કલોલના સોજા ગામની પ્રાથમિક શાળામાં નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી જયેશકુમાર રાદડિયાએ આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમને ખુલ્લો મુકી વન મંત્રી શ્રી ગણપતભાઇ વસાવાએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો આરંભ થયો છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજયના નવજાત શિશુ થી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધોરણ-૧ થી ૧૨ માં અભ્યાસ કરતાં અને ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતાં બાળકોને ૪૬ પ્રમાણે આરોગ્યની તપાસ કરાવવામાં આવે છે. રાજયની ભાવિ પેઢીને તંદુરસ્ત બનાવી તેમનામાં આરોગ્યપ્રદ ટેવોનું નિર્માણ કરી સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે સ્વસ્થ બાળકના ધ્યેય સાથે આ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષ ગાંધીનગર જિલ્લામાં ૩ લાખ ૧૨ હજારથી વધુ બાળકોની આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૨૨,૭૯૮ વધુ બાળકોને સ્થળ પર સારવાર અને ૧૪૬૪ બાળકોને સંદર્ભ સેવા આપવામાં આવી હતી. તે ઉપરાંત જરૂરિયાત વાળા ૧૩૫૦ બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યા હતા. ગંભીર જીવલેણ બિમારીઓ વાળા ૮૦ હૃદય રોગના, ૨૭ કિડનીની બિમારી અને ૪ કેન્સરવાળા બાળકોને રાજય સરકારે સારવારનો ખર્ચે ઉઠાવી આ કાર્યક્રમ થકી વાલી જેવી ભૂમિકા અદા કરી હતી.

શહેરમાં વાદળછાયુ વાતાવરણ : ઠંડી યથાવત

વહેલી સવારે આકાશામાં વાદળો ઘેરાયા : વાતાવરણમાં પલ્ટો છતાં ઠંડી યથાવત

ગાંધીનગર, તા. ૨૭

ઠંડની તીવ્રતાની સાથે જ શહેરમાં વાદળછાયુ વાતાવરણ રહ્યુ છે. આકાશમાં વાદળો ઘેરાતા માવઠાની દહેશત જોવા મળી રહી છે. વાદળોના કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો.

ઠંડીની વધતી તીવ્રતા વચ્ચે આજે વહેલી સવારથી આકાશમાં વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. વાદળોના કારણે એક તબક્કે તો માવઠાની દહેશત જોવા મળી હતી. જો કે સવારે દસેક વાગ્યાની આસપાસ વાદળો ઓછા થતા તડકો નીકળ્યો હતો. તડકો નીકળતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો. જોકે આખો દિવસ વાદળોની અવરજવર રહેતા મહત્તમ તાપમાન ઘટ્યુ હતુ. હજુ એકાદ-બે દિવસ પહેલા મહત્તમ તાપમાન ૩૨-૩૩ ડિગ્રીની આસપાસ રહેતા દિવસ દરમ્યાન ક્યારેક ગરમી અનુભવાતી હતી. વાગદળોના કારણે મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થયો હતો. જો કે લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો. લઘુત્તમ તાપમાન ૧૫.૪ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૯ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યુ હતુ.

આવતીકાલે માણસા ખાતે ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૭

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા વિવિધ એકમોમાં વિવિધ પોસ્ટ માટે સીધી જગ્યાઓ ભરવા માટેનો રોજગાર ભરતી મેળાનું આયોજન તા. ૨૯મી નવેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે નગરપાલિકા કોમ્યુનિટી હોલ, માણસા ખાતે કરવામાં આવ્યું છે. આ મેળામાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, આઇ.ટી.આઇ., ડિપ્લોમા ગ્રેજ્યુએટ થયેલા ઉમેદવારો ભાગ લઇ શકશે. મેળામાં ભાગ લેવા આવનાર ઉમેદવારોએ બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસ પોર્ટ સાઇઝના ફોટો સાથે ઉપસ્થિત રહેવું વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમયની કચેરી, ગાંધીનગર, બીજો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

નિવૃત્તિની પાર્ટી બાદ જી.ઈ.બી. કોલોનીમાં ૧૫ને ઝાડા ઉલ્ટી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જી.ઈ.બી. કોલોનીમાં ગઈકાલે રાત્રે નિવૃત્તિના માનમાં યોજાયેલ ડીનર પાર્ટી બાદ ૧૫ જેટલા લોકોને ઝાડા-ઉલ્ટી થયાનું જાણવા મળેલ છે. જી.ઈ.બી. કોલોનીના આરોગ્ય કેન્દ્રમાં જ બધાને સારવાર આપવામાં આવી હતી અને આજે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

આ ડીનર પાર્ટી શહેરની ખાનગી હોટલમાં આપવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે. તંત્ર દ્વારા હોટલ ખાતે પણ ચકાસણી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ભાજપનું બ્રાહ્મણ કાર્ડ વૈમનસ્ય ઉભું કરવાનું કાવતરું : યજ્ઞેશ દવે

ગુજરાતમાં ચાર વર્ષ જુની માંગણી પુરી કરતા નથી અને રાજસ્થાનના ચુંટણી ટંટેરામાં પરશુરામ બોર્ડનું વચન : લોકસભામાં ભાજપને હરાવવા બ્રાહ્મણો સક્ષમ

ગાંધીનગર, તા.૨૭

ભાજપ ગુજરાતમાં બ્રાહ્મણોની બ્રાહ્મણ વિકાસ બોર્ડ અથવા બ્રાહ્મણ વિકાસ આયોગનું ગઠન કરવાની ચાર વર્ષ જુની માંગણી પુરી કરતું નથી અને રાજસ્થાનમાં ચુંટણી ટાણે મત મેળવવા બ્રાહ્મણ કાર્ડ ખેલ્યુ છે અને ચુંટણી ઢંઢેરામાં પરશુરામ બોર્ડ બનાવવાનું એલાન કર્યુ છે. આ આક્ષેપ કર્યો છે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી યજ્ઞેશ દવેએ તેમણે ગુજરાતના બ્રાહ્મણોની માંગણી જો નહી સ્વીકારવામાં આવે તો આગામી લોકસભાની ચુંટણીમાં બ્રાહ્મણોના સાડા નવ ટકા મતો ભાજપને હરાવવા સક્ષમ છે તેવી ચિમકી ઉચ્ચારી છે.

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી યજ્ઞેશ દવે એ અખબારી યાદીમાં ભાજપ પર આક્ષેપ કર્યો છે કે રાજસ્થાનમાં બ્રાહ્મણ મતોની લાલચે ભાજપ બ્રાહ્મણ કાર્ડ ખેલી રહી છે પરંતુ ખરા અર્થમાં ભાજપને બ્રાહ્મણોની કંઈ પડી નથી. સરકાર રાજકીય રમતો રમી ચાર વર્ષથી પડતર માંગણી ગુજરાતના બ્રાહ્મણોના આર્થિક તથા સામાજિક કલ્યાણ માટે સ્વીકારે. તેમણે કહ્યું કે ભાજપ જ્ઞાતિકાર્ડ ખેલી વૈમનસ્ય ઉભું કરાવનું કાવતરું કરી રહી છે પરંતુ જો ભાજપ ગુજરાતમાં બ્રાહ્મણ વિકાસ આયોગ અથવા બ્રાહ્મણ વિકાસ બોર્ડ નહી આપે તો લોકસભાની ચુંટણીમાં બ્રાહ્મણોના સાડા નવ ટકા મતો ભાજપને હરાવવા સક્ષમ છે તે ભાજપ ધ્યાનમાં રાખે.

પેથાપુરના ટયુબવેલ દર સોમવારે બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૭

પેથાપુર નગરના રહેવાસીઓને જણાવવાનું કે પેથાપુર નગર પાલિકા વિસ્તારમાં વસવાટ કરતા નાગરીકોને વિવિધ ટયુબવેલથી દરરોજ પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. જેને પગલે મશીનરીમાં ક્ષતિ સર્જાતી હોય છે. તો દર સોમવારે મેન્ટેનન્સ માટે પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં સમાવેશ તમામ ટયુબવેલ બંધ રાખવાનો તંત્ર દ્વારા નિર્ણય લેવાયો છે. જેથી નાગરીકોને પાણીનો પુરતો પુરવઠો રવિવારના રોજ સંગ્રહ કરી લેવા જણાવવામાં આવે છે. જેની પેથાપુરવાસીઓએ નોંધ લેવાની રહેશે.

રાંધેજામાં ચાલતા વધુ એક જુગારના અડ્ડા પર પેથાપુર પોલીસનો દરોડો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં જુગારનો અડ્ડો શરૂ થઈ ગયો હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે ગઈકાલે દરોડો પાડ્યો હતો. જુગારના અડ્ડા પર દરોડો પાડીને પેથાપુર પોલીસે કોર્ડન કરી ૯ શકુનીઓને જુગાર રમતા પકડી રૂ.૧૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દરમ્યાન આજે પેથાપુર પોલીસે રાંધેજામાં ચાલતા વધુ એક જુગારના અડ્ડા પર દરોડો પાડી ત્રણ શકુનિઓને પકડી પાડયા છે. પેથાપુર પોલીસે રેઈડ કરીને તમામ શકુનિઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ એ.જી.એનૂરકારની ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી આધારે પેથાપુર પોલીસની ટીમે રાંધેજા માં ચાલતા આ જુગારના અડ્ડા પર દરોડો પાડયો હતો. પોલીસે રાંધેજા ગામના નિલેશ આત્મારામ નાયી, નિલેશ કનુભાઈ પટેલ, અશોક બેચરભાઈ પટેલ, લાલા વેરાજી દરબાર, અનિલ રમેશ પટેલ, ધવલ કનુસિંહ પરમાર, દશરથ રણછોડ ઠાકોર, સંજય રમણભાઈ વ્યાસ અને બાલાજી પુંજાજી પઢાર મળીને નવ જુગારીઓને રોકડ રૂ.૧૧,૨૫૦ તથા પાંચ મોબાઈલ મળીને કુલ રૂ.૧૫,૨૫૦નાં મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. દરમ્યાન આજે રાંધેજા ગામેથી પેથાપુર પોલીસે વધુ ત્રણ શખ્સોને ઝડપી લીધા છે. પીએસઆઈ એ.જી. એનુરકારની ટીમને બાતમી મળી હતી કે રાંધેજામાં રાવળવાસ પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેના આધારે રેઈડ કરીને રાંધેજાના રાવળ વાસમાં રહેતા ચેતનભાઈ રવજીભાઈ રાવળ, દિપકભાઈ રમેશભાઈ રાવળ અને મુકેશભાઈ વિષ્ણુભાઈ રાવળને ઝડપી પાડયા હતા. તેમની પાસેથી પોલીસે રૂ.૧૦,૯૫૦ રોકડ તથા ૬ હજારની કિંમતના ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૧૬,૯૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ તરીકે પ્રવિણ સુતરીયાની વરણી

ગુજરાત રાજય બોર્ડ-નિગમ, સરકારી સાહસોના કર્મચારી મહામંડળની સામાન્ય સભા જી.આઈ.ડી.સી.યુનિયન ઉદ્યોગ ભવન ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાઈ હતી. આ સામાન્ય સભામાં વિવિધ બોર્ડ-નિગમના હોદેદારો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત સભ્યોએ બોર્ડ નિગમ, સરકારી સાહસોના કર્મચારી મહામંડળના પ્રમુખ તરીકે બીજીવાર બિનહરીફ પ્રવિણ સુતરીયા તેમજ મહામંત્રી તરીકે રામસિંહ વેલુભા પરમાર (લાખુભા) ની વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે બોર્ડ નિગમના કર્મચારી મંડળના સભ્યો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. નવનિયુકત પ્રમુખ અને મહામંત્રીને શુભેચ્છા સહ શુભકામના પાઠવતા સભ્યો નજરે પડતા હતા. જયારે નવિન કારોબારીમાં ચાર જેટલા સભ્યોનો બદલાવ થવા પામ્યો છે. જયારે આગામી સમયમાં બોર્ડ નિગમના કર્ચમારીઓને સ્પર્શતા પ્રશ્નોને વાચા આપવા માટે પ્રમુખ પ્રવિણ સુતરીયાએ કટીબધ્ધતા દર્શાવી હતી.

જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલવાના કેસમાં આરોપીને ત્રણ માસની કેદ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર જિલ્લાના પ્રતાપપુરા ગામમાં મહીલાને જાતિવિષયક અપમાનજનક શબ્દો બાલી માર મારવાના કેસમાં કલોલની એડિશ્નલ સેસન્સ કાર્ટે આરોપીને ત્રણ માસની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર તા ૧૬ જુલાઈ વર્ષ ૨૦૧૫ ના રોજ કલોલ તાલુકાના પ્રતાપપુરા ગામમાં રહેતા આ કેસના આરોપી ભરતજી ગાભાજી ઠાકોરે દારુ પીધેલી હાલતમાં જયોત્સનાબેનને જાતિવિષયક અપમાનજક અપશબ્દો બોલીને માથામાં લાકડી મારી હતી જેના લીધે તેઓ બેભાન થઈ ગયા હતા.

આ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ કલોલની એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. કાર્ટ સમક્ષ દલીલમાં તેમણે જણાંવ્યુ હતુ કે આરોપીએ નશાની હાલતમાં મહીલાના માથામાં લાકડી ફટકારી છે. જાતિવિષયક અપમાનજનક શબ્દો બાલ્યા છે. જયારે સમાજમાં દાખલો બેસે તેવી સજા થવી જોઈએ. જે દલીલો તેમજ પુરાવાને ધ્યાને લઈ જજ બી પી પુજારાએ આરોપીને ૩ માસની કેદની સજા તેમજ રૂ ૧ હજાર વળતર પેટે ચુકવી આપવા માટે આદેશ કર્યો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા સહિત આનુષાંગિક ભાગો જોવાના દરો

સ્મારક જોવાનો સમય સવારે ૯ થી સાંજે ૫ કલાકનો રહેશે : દર સોમવારે સ્મારક બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૭

સરદાર સાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું કેવડિયા ખાતે નિર્માણ કરાયું છે. આ પ્રતિમા સહિત વિવિધ ભાગો જોવા માટેના દરો નિયત કરાયા છે. જેમાં બસ ટીકીટ, એન્ટ્રી ટીકીટ, વ્યુઈંગ ગેલેરી ટીકીટ તથા એકસપ્રેસ ટીકીટના દરોનો સમાવેશ કરાયો છે. સ્મારક જોવાનો સમય સવારે ૯.૦૦ થી ૫.૦૦ કલાકનો રહેશે અને દર સોમવારે સ્મારક બંધ રહેશે અને ઓનલાઈન ટીકીટ બુકીંગ www.soutickets.in ઉપર થઈ શકશે, એમ સરદાર વલ્લભભાઈ પટેલ, રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ-ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

"સ્ટેચ્યુ ઓફ યુનિટી" સ્મારકની મૂલાકાત લેનાર પ્રવાસીઓ માટે જે દરો નિયત કરાયા છે તે આ મુજબ છે.

(૧) બસની ટીકીટ રૂ.૩૦/- શ્રેષ્ઠ ભારત ભવન, સ્ટેચ્યુ ઓફ યુનિટી, વોલ ઓફ યુનિટી, પ્રદર્શન, ફૂડકોર્ટ, વેલી ઓફ ફ્લાવર્સ (કેવડીયા તરફ), રીવર બેડ પાવર હાઉસ, વ્યુ પોઈન્ટ, ગોડ બોલે ગેઈટ, ટેન્ટ સીટી, મેઈન કેનાલ હેડ રેગ્યુલર, વિગેરે સ્થળો જોવા મળશે.

(૨) એન્ટ્રી ટીકીટ : બાળક (૩ થી ૧૫ વર્ષ) રૂ.૬૦/- અને પુખ્ત વયના લોકો માટે રૂ.૧૨૦/- એન્ટ્રી ટીકીટમાં વેલી ઓફ ફ્લાવર્સ, મ્યુઝીયમ અને ઓડીયો-વિઝ્યુઅલ ગેલેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમનો સમાવેશ છે. તેમાં વ્યુઈંગ-ગેલેરીનો સમાવેશ નથી.

(૩) વ્યુઈંગ ગેલેરી ટીકીટ : બાળક (૩ થી ૧૫ વર્ષ) રૂ.૨૦૦/- અને પુખ્ત વયના લોકો માટે રૂ.૩૫૦/-વ્યુઈંગ ગેલેરી, વેલી ઓફ ફ્લાવર્સ, મ્યુઝીયમ અને ઓડીયો-વિઝ્યુઅલ ગેલેરી, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, ઉપરોક્ત (૧) દર્શાવેલ તમામ સ્થળો અને ઉપરાંત વ્યુઈંગ-ગેલેરીનો સમાવેશ થાય છે. પ્રવાસી દ્વારા રૂ.૩૫૦ (વ્યુઈંગ ગેલેરી) + રૂ.૩૦ (બસ ટીકીટ) એટલે કે, કુલ રૂ.૩૮૦/-ની ટીકીટમાં તમામ સ્થળો જોઈ શકાય.

(૪) એકસપ્રેસ ટીકીટ રૂ.૧૦૦૦/- છે. જેમાં વ્યુઈંગ ગેલેરી વિગેરે સ્થળો માટે લાઈન અલગ હોય છે, અને તુરંત ઓછા સમયમાં સ્થળ જોઈ શકાશે.

મહાત્મા ગાંધીના જીવન-કવનની મલ્ટિમીડીયા ડિઝીટલ પ્રસ્તુતિ કરતા પ્રદર્શનનો પ્રારંભ

કેન્દ્ર સરકારની ક્ષેત્રીય પ્રદર્શન કચેરી-અમદાવાદ યોજિત પ્રદર્શની ૨ ડિસેમ્બર સુધી મહાત્મા મંદિરમાં દાંડી કૂટિરમાં નિહાળી શકશે

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહાત્મા ગાંધીજીના જીવન-કવન અને શાશ્વત ગાંધી મૂલ્યોની મલ્ટિમિડીયા-ડિઝીટલ પ્રસ્તુતિ કરતા પ્રદર્શનનો મહાત્મા મંદિર પરિસરમાં દાંડી કૂટિરમાં પ્રારંભ કરાવ્યો હતો.

ભારત સરકારના લોકસંપર્ક બ્યૂરોની અમદાવાદ ક્ષેત્રીય પ્રદર્શન કચેરી દ્વારા આ પ્રદર્શનનું ૨ ડિસેમ્બર-૨૦૧૮ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે મહાત્મા ગાંધીના સ્વચ્છતા, સ્વાવલંબન, અસ્પૃશ્યતા નિવારણ, ગ્રામીણ વિકાસ જેવા સમાજલક્ષી કાર્યોમાંથી યુવા પેઢી સદા-સર્વદા પ્રેરણા લઈને રાષ્ટ્રસેવામાં અગ્રેસર રહે તેવો અનુરોધ આ અવસરે કર્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે સ્વચ્છતા અભિયાન, ગ્રામ વિકાસ સહિત પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓથી 'નયા ભારત'ના નિર્માણની જે શરૂઆત કરી છે તેને પણ આ પ્રદર્શનીમાં પ્રસ્તુત કરવામાં આવી છે. આ પ્રદર્શનીનો વ્યાપક લાભ લેવા અપિલ કરતાં ઉમેર્યુ કે, ગાંધી આચાર-વિચારના પ્રસાર સાથે નયા ભારતની સંકલ્પના સાકાર થઈ રહી છે તેની પ્રત્યક્ષ અનૂભુતિ આ પ્રદર્શની સૌને કરાવશે.

ડો.રાજેશ પટેલને લાઈફ ટાઈમ અચિવમેંટ એવોર્ડથી સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૨૭

મણિનગર સાયન્સ કોલેજ, અમદાવાદના વનસ્પતિ વિષયના ડો. રાજેશ.એસ.પટેલને ઈન્ટરનેશનલ એસોસીએશન ઓફ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (આઈ એ આર ડી ઓ) તરફથી " લાઈફ ટાઈમ એચિવમેંટ એવોર્ડ "મળ્યો છે. ગોવામાં આ સમારોહ એક માસ અગાઉ ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાયો હતો. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે થાઈલેન્ડના મિસ.જીડીપા થાવરી, ડો. પાડલીયા (વાઈસ ચાન્સેલર, ગુરુ ગોંવિદ યુનિવર્સિટી, ગુજરાત) અને ડો. નિતીન મિલક (ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી, દિલ્લી) હાજર રહ્યા હતા. ડો.રાજેશ પટેલના ૧૦૦ થી વધુ રિસર્ચ પેપર પબ્લિશ થયા છે. આ એવોર્ડ તેમના ૨૦ વર્ષના રીસર્ચ અનુભવ પરથી પ્રાપ્ત થયો છે. તાજેતરમાં તેમની ૧૦૦ મી રીસર્ચ પેપરની બુક રીસર્ચ ફલાવરી નું ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્મા દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

રમેશજીની યાદમાં ૩૦મીએ બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

સમાજ પ્રત્યે જવાબદારીની ઉમદા ભાવના સાથે ભાસ્કર જુથ તેમના પૂર્વ ચેરમેન સ્વર્ગસ્થ શ્રી રમેશચંદ્ર અગ્રવાલના ૭૪માં જન્મ દિવસે (પ્રેરણા દિવસ) તેમના સેવાકાર્યોને આગળ વધારતા૩૦મી નવેમ્બરે શુક્રવારના દિવસે દેશના ૧૮૪ સ્થળ પર જરૂરિયાતમંદોના હિતમાં એક દિવસનો બ્લડ ડોનેશન કેમ્પ યોજવા જઈ રહ્યું છે.

આ દિવસે એકત્રિત કરાયેલુ બ્લડ, બ્લડ બેંકોને ડોનેટ કરવામાં આવશે, જેથી જરૂરિયાતમંદોના ઉપયોગમાં આવી શકે. આગળ આવીએ અને આ ઉમદા કાર્યનો ભાગ બનીએ. બ્લડ ડોનેશન કેમ્પ સંબંધિ કોઈ જાણકારી અને રક્તદાન કરવા માટે આયોજનના કો-ઓર્ડિનેટર મુકેશ દોશી ૯૮૨૫૨ ૧૩૦૯૭ અને અમિત શર્મા ૯૯૨૫૦૦૪૯૮૮ પર સંપર્ક કરી શકો છો. ગાંધીનગરમાં શ્રી બલરામ ભવન, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઘ-રોડ, સે-૧૨ ખાતે તા.૩૦મીએ સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી બ્લડ નેશન કેમ્પ યોજાશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ્ર.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭